<u>ખાનગી</u>

***તકેદારી આયોગ તથા વિભાગો દ્વારા લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોને સોંપવામાં આવતી તપાસોમાં પ્રાથમિક તપાસમાં લાંચ રૂશ્વત કે ભ્રષ્ટાચાર અંગે ફોજદારી ગુન્હો બન્યાનું પ્રથમદર્શીય જણાય ત્યારે અપનાવવાની કાર્યપદ્ધતિઓ.***

**ગુજરાત સરકાર**

**ગૃહ વિભાગ**

પરિપત્ર ક્રમાંક : ગતપ-૩૧૮૪/જીવીસી-૧૦૧-હ,
સચિવાલય, ગાંધીનગર, તારીખ ૩૧મી મે, ૧૯૮૫.

**પરિપત્ર**

સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૭-૪-૬૪ના પરિપત્ર ક્રમાંક : એસવીસી-૧૦૬૪-જી ના પેરા નં. ૪ (iv) માં જણાવેલ જોગવાઈ મુજબ તકેદારી આયોગશ્રી, લાંચ રૂશ્વત બ્યુરોને (અ) ગુનો નોંધી તપાસ કરવા તથા (બ) તપાસ કરી અહેવાલ મોકલવા સુચના કરી શકે છે. આ જોગવાઈ અનુસાર હાલની કાર્યપદ્ધતિ પ્રમાણે પ્રાથમિક તપાસમાં ગન્હાહિત કૃત્ય કર્યાનું માલુમ પડે તો પણ તે અંગેની કાર્યવાહી આવી તપાસના આધારે મોકલાયેલ તપાસ અહેવાલની વિચારણા કર્યા બાદ આયોગની ભલામણ સંબંધકર્તા વિભાગને મોકલ્યા પછી વિભાગ તરફથી ગુન્હો રજીસ્ટર કરી આગળ ફોજદારી કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવે ત્યાર બાદ જ થઈ શકે. આમ ફોજદારી કાર્યવાહી કરવા માટે પુરાવા હોય, તેવા કિસ્સામાં પણ ઘણો વિલંબ થાય છે. તેવું સરકારશ્રીના ધ્યાન ઉપર આવેલ છે.

૨. ઉપરોક્ત હકીકતે આ વિલંબ ટાળવા એવું સૂચન થયું કે તકેદારી આયોગ તરફથી સોંપાયેલ પ્રાથમિક તપાસમાં જ્યારે એમ જણાય કે કસૂરદારે ગુન્હાહિત કૃત્ય કર્યું છે ત્યારે તુરંત જ વિગતવાર વચગાળાનો અહેવાલ આયોગને મોકલી ગુન્હો દાખલ કરવાની સૂચના માંગવામાં આવે અને જો આયોગ તરફથી ગુન્હો દાખલ કરવાની સૂચના આપવામાં આવે તો તે પ્રમાણે પગલાં લેવાય અને જો પ્રાથમિક તપાસ ચાલુ રાખવા સૂચના આપવામાં આવે તો તે પ્રમાણે પ્રાથમિક તપાસ પૂરી કરી અહેવાલ આયોગને મોકલી આપવાની પદ્ધતિને અમલમાં મુકવી.

૩. આ અંગે સક્રિય વિચારણાને અંતે સરકારશ્રીએ એવો નિર્ણય કરેલ છે કે તકેદારી આયોગ તેમજ સચિવાલયના વિભાગો તરફથી લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોને સોંપાયેલ તપાસમાં જો લાંચ રૂશ્વત અને ભ્રષ્ટાચાર અંગે કોઈ ફોજદારી ગુન્હો બન્યાનું પ્રથમદર્શીય રીતે જણાય તો તપાસ અધિકારીએ ગુન્હો નોંધીને પોલીસ તપાસ હાથ ધરવી અને સાથો સાથ વચગાળાનો અહેવાલ તકેદારી આયોગને મોકલી આપવો. આમ પ્રાથમિક તપાસ દરમ્યાન આ રીતે લાંચ રૂશ્વત અને ભ્રષ્ટાચાર અંગે ગુન્હાહિત કૃત્ય કરેલાનું જણાય ત્યારે ગુન્હો નોંધી આગળની તપાસ કરવા માટે લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોએ ગુજરાત રાજ્ય તકેદારી આયોગની પૂર્વ અનુમતિ મેળવવાની જરૂર રહેશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**પ્ર. ગ. ગુપ્તે**
નાયબ સચિવ, ગૃહ વિભાગ